જો શહીદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની : પૂલવામામાં આતંકવાદી દ્વારા કરાયેલ આત્મઘાતી હુમલામાં ૪૪ નવલોહીયા જવાનોની શહીદીથી દેશ સ્તબ્ધ બન્યો છે. દેશભરમાં શહીદોને અંજલિ આપવા શુક્રવારની સાંજે મીણબત્તી પ્રગટાવી ઠેર ઠેર શોક સંવેદના વ્યક્ત કરાઈ હતી. ગાંધીનગરમાં પણ સેવાભાવી સંસ્થાઓ અને યુવા સંસ્થાઓ દ્વારા ઘ-૪ના સર્કલ પર મોટી સંખ્યામાં શ્રદ્ધાંજલિ અપાઈ હતી. શનિવારે દેશના અનેક બજારો સ્વૈચ્છિક બંધ પાળીને શહીદોને અંજલિ આપવાના છે. ગુજરાતમાં પણ અમદાવાદ, સુરત અને રાજકોટના બજારોમાં સ્વૈચ્છિક બંધ પાળી વહેપારીઓ અંજલિ આપશે. ગાંધીનગરની અનેક સંસ્થાઓ અને વહેપારી મહાજનો પણ શહીદોને અંજલિ આપવાના કાર્યક્રમોમાં જોડાશે.

મનપાના બજેટમાં વધુ છ જેટલા કોંગ્રેસે સુધારા સૂચવ્યા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાનગર પાલિકાની ૧૯મીએ મળનારી સામાન્ય સભામાં કોંગ્રેસ પક્ષ દ્વારા બજેટમાં વધુ અર્ધો ડઝન જેટલા સુધારા સૂચવતી દરખાસ્તો રજુ કરવામાં આવી છે.

કોંગ્રેસના યુવા કાઉન્સીલરો જિતુ રાયકા અને અંકિત બારોટ દ્વારા આ દરખાસ્તો આપવામાં આવી છે. જેમાં આઉટ સોર્સિંગથી ભરતી માટે મહેકમ સમિતિની રચના કરવા, શહેરના તમામ માર્ગો પર આવેલી સેન્ટ્રલ વર્જને એનોમેન્ટલ ગ્રીલથી રક્ષીત કરવાના સુધારાનો પણ સમાવેશ થાય છે.

આ સભ્યોએ સ્વચ્છતા અભિયાન અંતર્ગત મળતી ગ્રાન્ટમાંથી કાઉન્સીલરોને તેમના વોર્ડમાં અભિયાન માટે રૂ. ૩ લાખ સુધીની ગ્રાન્ટ ફાળવવાની પણ દરખાસ્ત કરી છે.

આ ઉપરાંત મહિલા સશકિતકરણના કાર્યક્રમને કેન્દ્ર અને રાજય સરકાર જયારે ભાર મુકી રહી છે ત્યારે આ માટેની આવતી ગ્રાન્ટમાંથી મહિલા કાઉન્સીલરોને પણ વિશેષ ગ્રાન્ટ આપવામાં આવે તેવી દરખાસ્ત આ સભ્યોએ રજુ કરી છે.

આ યુવા સભ્યોએ કેપીટલ ખર્ચ માટે પસંદગીના સેકટરો નહિ પરંતુ ગાંધીનગર શહેરના તમામ વિસ્તારનો સમાવેશ કરવા જણાવ્યું છે. આ કાઉન્સીલરોએ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૫ કરોડ તથા સે-૧ થી ૩૦માં વિકાસના કામો માટે રૂ. બે કરોડની ફાળવણી કરવા હિમાયત કરતી દરખાસ્ત કરી છે. આ અગાઉ કોંગ્રેસ તરફથી પણ સારી એવી સંખ્યામાં દરખાસ્તો રજુ થઈ ગઈ છે. હવે ૧૯મીની બેઠકમાં કેટલી દરખાસ્તો ચર્ચામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

ગુડાના આવાસોને અનુલક્ષી હવે સી.સી. ટીવી કેમેરા મુકવાનુ કામ હાથ ધરાશે

રાયસણ, અડાલજ અને ચિલોડા સ્થિત આવાસ યોજના અન્વયે લીકેજીસ દુર કરવા જાળવણીનુ કામ પણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ , અડાલજ અને ચિલોડામાં નિર્માણ કરાયેલા આવાસોને અનુલક્ષીને જાળવણીનુ કામ હાથ ધરવા માટે ગુડા દ્વારા હાલ કામગીરી ચાલી રહી છે. આવાસોમાં લીકેજીસ અને ભેજની ફરિયાદો વધતા સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે .જયારે આવાસાને અનુલક્ષીને સી સી ટી વી કેમેરા મુકવાની કામગીરી પણ આગામી દિવસોમાં હાથ ધરાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ , ચિલોડા તેમજ અડાલજમાં નિર્માણ કરાયેલા એલ આઈ જી આવાસોમાં હાલ અનેકવિધ સમસ્યાઓ ઉઠવા પામી છે. સ્થાનિકો દુવિધાઓ વચ્ચે બેહાલ બન્યા છે. જેમાં આ આવાસોમાં લીકેજીસની સમસ્યા મુખ્ય બની છે. વરસાદી દિવસોમાં આવાસોની છતમાંથી પાણી ટપકતુ હોવાની સાથે આવાસોમાં ભેજનુ પ્રમાણ વધતા રહીશોને પારવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. અનેક દુવિધોના લીધે સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે. બીજીતરફ આવાસ યોજનાને અનુલક્ષી સ્થાનિકોની સલામતી સામે પણ અનેક પ્રશ્નોર્થ મંડરાયા છે. આ સ્થિતિને અનુલક્ષી ગુડાની આવાસ યોજનાને કેમેરાથી કેદ કરવા માટે સી સી ટી વી કેમેરાનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ હતુ. જયારે હજુ સુધી આ કામગીરી થઈ શકી નથી.

જો કે સુત્રોના જણાંવ્યા મુજબ ટુંકમાં જ આવાસોને અનુલક્ષી સી સી ટી વી કેમેરાની કામગીરી હાથ ધરાશે. ગુડા દ્વારા આગામી દિવસોમાં કુડાસણ અને રાયસણમાં પણ નવી યોજનાનુ કામ હાથ ધરાશે. જયારે આ અન્વયે હાલ અરજદારો ફોર્મ ભરપાઈ કરી રહ્યા છે. ગુડા દ્વારા નિર્માણ કરાયેલી આવાસ યોજનાને અનુલક્ષી હજુ સુધી સ્થાનિક કક્ષાએથી રહીશોને માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવામાં આવતુ નથી. ગુડાના આવાસો આસપાસ દુકાનો પણ હજુ ભાડાપેટે આપવાની યોજના ખોરંભે પડી છે.

જિલ્લા પંચાયતની બજેટ બેઠક ૨૬મીએ મળશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની આગામી સામાન્ય સભા તા. ૨૬-૨-૧૯ના રોજ બપોરે બે વાગે સરદાર પટેલ હોલમાં મળશે.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભામાં ૨૦૧૮-૧૯નું સુધારેલુ અંદાજપત્ર તથા ૨૦૧૯-૨૦નું અંદાજપત્ર રજુ કરવામાં આવશે.

આ બેઠકને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ બેઠકમાં દરેક અધિકારીઓ હાજર રહે તે માટે ખાસ તાકીદ કરતી સૂચનાઓ પણ આપવામાં આવી છે.

વિપક્ષ દ્વારા બજેટ બેઠકને લઈ રણનીતિ તૈયાર કરવાની કામગીરી શરૂ કરાઈ છે. જ્યારે કોંગ્રેસ પક્ષે આ બેઠક બજેટ બેઠક છે અને તેમાં વિકાસના કામો જે અટવાયેલા પડ્યા છે તેની સમીક્ષા કરાશે તેવા સંકેતો આપ્યા છે.

આ બજેટ બેઠકમાં માર્ગ-મકાન વિભાગના રસ્તાના કામોનો મુદ્દો તેમજ આરોગ્યની સેવાઓ અને પ્રાથમિક શિક્ષણને લઈ વિપક્ષ સત્તાધારી પક્ષને ઘેરવાનો વ્યુહ બનાવશે તેમ મનાઈ રહ્યુ છે.

આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા અચોક્કસ મુદતની હડતાલનો આરંભ

પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી આંદોલનના શ્રી ગણેશ : ગ્રામીણસ્તરે સેવાઓ કથળી

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા તેમના વણઉકલ્યા પ્રશ્નોના ઉકેલ માટે આજથી અચોક્કસ મુદતની હડતાલનો આરંભ થયો છે. આજે પ્રથમ દિવસે જ આરોગ્ય સેવાઓ પર તેની અસરો જોવા મળી હતી.

ગઈકાલે પુલવામાં ખાતે થયેલા આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી ખાસ પ્રાર્થનાસભા યોજવામાં આવી હતી. આ પછી આ કર્મચારીઓ હડતાલ પર ગયા હતા.

આરોગ્ય કર્મચારી મહાસંઘ તરફથી હડતાલ ઉપર જતાં પહેલાં પેનડાઉન સ્ટ્રાઈક, કાળી પટ્ટી ધારણ કરવી તેમજ એક દિવસની માસ સી.એલ.નું પણ આંદોલન કર્યુ હતુ એટલુ જ નહિ માસ સી.એલ. પર ગયેલા આરોગ્યના કર્મયોગીએ એ દિવસે ૫ હજારથી વધુ બોટલનું રક્તદાન કરી અનોખી લડતનુ એલાન આપ્યુ હતુ.

આજે પ્રથમ દિવસે જ છ જેટલી જુદી જુદી કેડરોના કર્મચારીઓ હડતાલ પર જતાં ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય સેવાઓને વિપરીત અસરો પડી હતી. આગામી દિવસોમાં રેલી અને ધરણાના કાર્યક્રમો યોજવામાં આવશે તેમ મહાસંઘના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આજે આ હડતાલને લઈ રાજ્ય સરકાર દ્વારા કમિશનર લેવલે સમીક્ષા થઈ હોવાનું પણ જાણવા મળેલ છે.

સ્વાઈન ફ્લુનો કાળોકેર હજુય યથાવત

ગુજરાતમાં સ્વાઈન ફ્લુનો કાળો કેર આજે પણ યથાવત રહ્યો હતો. સ્વાઈન ફ્લુના કારણે મોતનો આંકડો આજે વધીને ૬૦ ઉપર પહોંચી ગયો હતો. આજે વધુ બે લોકોના મોત થયા હતા અને ૮૯ નવા કેસ સપાટી ઉપર આવ્યા હતા. એક જ દિવસમાં ૮૯ નવા કેસની સાથે જ ખળભળાટ મચી ગયો છે. ૪૪ દિવસના ગાળામાં જ સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૧૬૦૫ ઉપર પહોંચી હતી જ્યારે મોતનો આંકડો ૬૦ ઉપર પહોંચી ગયો હતો. આ વર્ષે સ્વાઈન ફ્લુના કારણે લોકોની હાલત કફોડી બનેલ છે. પહેલી જાન્યુઆરી બાદથી રાજ્યમાં સ્વાઈન ફ્લુના પોઝિટિવ દર્દીઓની સંખ્યા આજે વધીને ૧૬.૫ થઈ છે જ્યારે ૮૭૯ દર્દીઓને યોગ્ય સારવાર આપવામાં આવ્યા બાદ રજા આપી દેવામાં આવી છે. ૫૭૯ દર્દીઓ હજુ સારવાર હેઠળ છે. ભારત સરકાર દ્વારા પણ સ્વાઈન ફ્લુને લઈને આંકડા જારી કરવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં ડેટા એન્ટ્રીની કામગીરીમાં શિક્ષકોને જવાબદારી અપાઈ

ગાંધીનગર, તા. ૨૦

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ આપવાના કાર્યક્રમને મિશન મોડ પર તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. ૨૦ જેટલા અધિકારીઓને જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારમાં લાયઝન અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે એટલુ જ નહિ આ અધિકારીઓએ રોજેરોજ ગામોની મુલાકાત લઈ કામગીરીનો અહેવાલ રજુ કરવાનો રહેશે.

બીજી તરફ તંત્ર દ્વારા પણ ગ્રામ્ય વિસ્તારમાં ડેટા એન્ટ્રી ઓપરેટરો ઉપલબ્ધ નહિ બનતાં પ્રાથમિક શાળાના શિક્ષકો જેઓ કોમ્પ્યુટર જાણે છે તેમને આ કામગીરીમાં ડેટા એન્ટ્રી માટે જોડી દેવામાં આવ્યા છે.

પ્રાથમિક શાળાના શિક્ષકોને આ કામગીરી સાથે સાંકળવામાં આવતાં શિક્ષણ જગતમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. દિવસે ભણાવવાની કામગીરી અને સાંજ પછી ડેટા એન્ટ્રીની કામગીરી કરવાની

પ્રધાનમંત્રી કિસાન સહાય યોજના માટે જિલ્લાના ૨૦ અધિકારીઓને ગ્રામ્ય વિસ્તારમાં જવા આદેશો

હોવાથી શિક્ષકોમાં પણ રોષની લાગણી ઉભી થવા પામી છે.

એક તરફ શૈક્ષણિક સત્ર સંપન્ન થવા જઈ રહ્યુ છે ત્યારે બાળકોના શિક્ષણની મહત્વની જવાબદારીથી શિક્ષકોને વિમુખ કરવાને લઈ પણ શિક્ષણપ્રેમીઓમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

નિયુક્ત થયેલા લાયઝન અધિકારીઓ દ્વારા ગ્રામીણ વિસ્તારમાં ખેડૂતોને મળી યોજના અંગેની જાણકારી આપી તેમની વિગતો એકત્ર કરી અરજીઓ ભરાવાના કામે લાગી ગયા છે.

જિલ્લાના ૩૦૦થી વધુ ગામો છે અને ૧ લાખથી પણ વધુ ખેડૂત ખાતેદારો હોવાથી મહત્તમ ખેડૂતોને તેનો લાભ મળે તે તંત્રનો આશય છે. આ સન્માન નિધિના પ્રથમ હપ્તા પેટે રૂ. બે હજારનો હપ્તો સીધો ખેડૂતોના ખાતામાં જમા આપવામાં આવનાર છે.

સરકારે ૨૦મી સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવા માટેના લક્ષ્યાંક આપ્યો છે અને આ માટે મળેલ અરજીઓ ગ્રામસભામાં મંજૂરી બાદ ભારત સરકારને મોકલવામાં આવશે.

સીબીએસઈની ધો-૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ

સેન્ટ્રલ બોર્ડ સીબીએસઈ દ્વારા આજથી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનો પ્રારંભ થયો છે. તો સાથે સાથે ગુજરાત બોર્ડની ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પ્રેક્ટિકલ પરીક્ષાની પણ આજથી શરૂઆત થઈ છે. ગુજરાત બોર્ડના દોઢ લાખથી વધુ અને સીબીએસઈના બાર લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષાઆપી રહ્યા છે. પરીક્ષાને લઈ વિદ્યાર્થીઓમાં સ્વાભાવિક ઉત્તેજના અને સહેજ ટેન્શનની લાગણી જોવા મળી હતી. સમગ્ર દેશમાં ચાલુ વર્ષે લોકસભાની ચૂંટણીઓ યોજાવાની હોઈને તમામ રાજ્યો અને સેન્ટ્રલ બોર્ડને પણ વહેલી પરીક્ષાઓ યોજવાની સૂચના આપવામાં આવી હતી. સૌ પ્રથમ આજે સીબીઆઈ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં વોકેશનલ કોર્સની પરીક્ષા શરૂ થઈ છે. જે પૂરી થયેથી તા.૫મી માર્ચથી મુખ્ય વિષયોની પરીક્ષા લેવાશે. એ જ રીતે આજથી ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહ ગુજરાત બોર્ડની પ્રાયોગિક પરીક્ષા પણ આજથી શરૂ થઈ છે. ત્યારબાદ મુખ્ય વિષયોની પરીક્ષાનો આરંભ આગામી તા.૭મી માર્ચથી થશે. આજની પરીક્ષામાં કુલ ૩૭૭ પરીક્ષા કેન્દ્રો નિયત કરાયાં છે. જેમાં ૧.૫૭ લાખ વિદ્યાર્થી પરીક્ષા માટે રજિસ્ટર્ડ થયા છે. તા.૨૫ ફેબ્રુઆરી સુધી આ પરીક્ષા બે શિફ્ટમાં ચાલશે. અત્યાર સુધી આ પરીક્ષા શાળા કક્ષાએ લેવાતી હતી. આ વર્ષે પહેલી વાર બોર્ડ દ્વારા લેવામાં આવી રહી છે.

એસ.ટી. ડેપોમાં એક મહીનાથી કેન્ટીન બંધ ભાડુ ન પોષાતા ડેપોને કબજો પરત

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા એક મહીનાથી કેન્ટીન બંધ છે. કેન્ટીન અગાઉ ટેન્ડર પ્રક્રીયાના અંતે પ્રતિમાસ રૂ ૨.૫૦ લાખના ભાડાપેટે ફાળવવામાં આવી હતી. જયારે આ કેન્ટીનનુ તગડુ ભાડુ ન પોષાતા જવાબદાર એજન્સીએ આ કેન્ટીનનો કબજો ડેપોને પરત સોંપી દીધો છે. જયારે આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયાના અંતે ડેપોમાં કેન્ટીન પુન : ધમધમતી થશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા એક મહીનાથી કેન્ટીન બંધ હાલતમાં છે. એસ ટી ડેપોમાં કેન્ટીન બંધ રહેતા મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. એસ ટી ડેપોના સંકુલમાં મુસાફરો માટે જરૂરી ચીજવસ્તુઓ તેમજ ચા નાસ્તાની સુવિધા ડેપોની કેન્ટીનમાંથી મળી રહેતા વિદ્યાર્થીઓ સહીત અપડાઉન કર્તાઓએ ડેપો સંકુલની બહાર જવાની ફરજ પડતી નથી. પરંતુ છેલ્લા એક મહીનાથી આ કેન્ટીન બંધ હાલતમાં હોવાથી મુસાફરોને ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ કેન્ટીન અગાઉ ટેન્ડર પ્રક્રીયાના અંતે પ્રતિમાસ રૂ ૨.૫૦ લાખના ભાડા પેટે એસ ટી નિગમ દ્વારા જવાબદાર એજન્સીને આપવામાં આવી હતી. પરંતુ આ કેન્ટીન ધારકને તગડુ ભાડુ ન પોષાતા આ કેન્ટીનનો કબજો એસ ટી ડેપોને પરત સોંપી દીધો છે. આ સ્થિતિને ધ્યાને લઈ એસ ટી ડેપો દ્વારા આ મામલે કેન્ટીનને ધમધમતી રાખવા માટે પુન : ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે આગામી એક મહીનામાં ડેપોની કેન્ટીન પુન : ધમધમતી થઈ જશે. ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોને લગતી સુવિધાઓનો આમ પણ અભાવ વર્તાઈ રહ્યો છે.

જયારે મુસાફરોની સલામતી સામે પણ અનેક સવાલો મંડરાયા છે. આવા સંજોગોમાં બસ મુસાફરોને પુરતી સુવિધા પણ મળતી નથી. એસ ટી ડેપોમાં સ્વચ્છતાના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે. જયારે કેન્ટીન સુવિધા પણ છેલ્લા ઘણાં સમયથી બંધ હાલતમાં છે. બીજીતરફ ડેપો સંકુલમાં સ્થિત દુકાનો પરથી ગુટખા તેમજ મસાલાનુ વેચાણ પણ બિન્દાસ્ત રીતે થતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જેને અનુલક્ષીને પણ જરૂરી પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ભારત સરકાર

યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય

રાષ્ટ્રીય યુવા વાહિની યોજના હેઠળ નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગરમાં ૧૦ સ્વયં સેવકો (National Youth Volunteer)ની ભરતી કરવા માટે અરજીઓ મંગાવે છે.

ભારત સરકારને એવા યુવાનોની જરૂર છે કે જે તેમની ઉર્જા અને ક્ષમતાઓને રાષ્ટ્ર નિર્માણની પ્રવુત્તિઓ માં સ્વયંસેવકોના જુથના માધ્યમથી સહભાગી થઈ શકે. આ માટે એવા યુવાનો કે જેઓ આરોગ્ય, સાક્ષરતા, સ્વચ્છતા અભિયાન, ગ્રામ વિકાસ, ડીજીટલ ઈન્ડિયા, સ્કીલ ડેવલપમેન્ટ, પર્યાવરણ, રક્તદાન, યુવા પ્રવુત્તિઓ, સામાજિક જનજાગૃતિ વગેરે મુદ્દાઓ પર જાગૃતિ કાર્યક્રમો કરી શકે તેમજ આકસ્મિક પરિસ્થિતિમાં સરકારી તંત્રને મદદ કરી શકે અને સરકારશ્રીના વિવિધ કાર્યક્રમોનું અમલીકરણ કરી શકે તેવા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવે છે.

લાયકાત :-

(૧) સ્વયંસેવક (National Youth Volunteer) ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ હોવો જોઈએ. સ્નાતક તથા ઉચ્ચ શિક્ષણ ધરવતા ઉમેદવાર ને પસંદગી માં અગ્રતા આપવામાં આવશે.
(૨) સ્વયંસેવકની ઉંમર તારીખ ૦૧.૦૪.૨૦૧૮ ના રોજ ૧૮ થી ૨૯ વર્ષ સુધીની હોવી જોઈએ.
(૩) સ્વયંસેવક રેગ્યુલર સ્ટુડંટ ના હોવા જોઈએ. અભ્યાસ ચાલું હોઈ તેવા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે નહિ.
(૪) બેઝીક કોમ્પુટરનં જ્ઞાન તથા એન્ડ્રોઈડ ફોન ધરાવતા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.
(૫) **માનદવેતન** : પસંદ થયેલ સ્વયંસેવકને દર મહિને રૂ. ૫૦૦૦.૦૦ માનદવેતન આપવામાં આવશે.
(૬) આ કોઈ પગારવાળી કાયમી નોકરી નથી કે સ્વયંસેવક ને કાયમી સરકારી નોકરી માટે દાવો કરવાનો કોઈ કાયદાકીય અધિકાર પણ નથી.
(૭) અરજદાર ગાંધીનગર જિલ્લાનો રહેવાસી હોવો જોઈએ.

અરજી કેવી રીતે કરશો : સ્વયંસેવકે નેહરુ યુવા કેન્દ્ર સંગઠનની વેબસાઈટ www.nyks.nic.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજીની એક કોપી જરૂરી પ્રમાણપત્રોની નકલો સાથે નેહરુ યુવા કેન્દ્રના નીચે જણાવેલ સરનામે તારીખ ૩.૦૩.૨૦૧૯માં મોકલી આપવાની રહેશે.

સરનામું : યુવા સંયોજક શ્રી
નહેરૂ યુવા કેન્દ્ર
બ્લોક નં ૧૦/૧ "ચ" ટાઈપ સેક્ટર ૩૦, ગાંધીનગર ૩૮૨૦૩૦
ફોન નં ૨૩૨૬૨૦૦૫

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com